॥ શ્રી મહાવીરાય નમઃ॥

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત

# માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

**Website :** www.jainshikshan.org **E mail :** jainshikshanboard@gmail. com

**૭ જુલાઈ ૨૦૨૪** **મહિલા મંડળ** **કુલ ગુણ : ૧૦૦**

**સૂચના : ૧) જે પ્રમાણે સવાલ પૂછ્યા હોય તે જ પ્રમાણે જવાબ લખવા. વાર્તા કે થોકડાના લાંબા જવાબ લખવા નહિ.**

**૨) આપના જવાબ પેપરમાં આપે ઓપન બુક આપી છે કે રેગ્યુલર તે ખાસ લખજો. જેમણે નહીં લખ્યું હોય તેમનો નંબર આવશે તો પણ નંબર આપવામાં નહીં આવે.**

**OPEN BOOK / REGULAR** **શ્રેણી – ૬** **WRITER** **YES / NO**

| | | | |
|---|---|---|---|
| STUDENT NAME | | ROLL NO. | |
| DATE OF BIRTH | | MOBILE NO. | |
| SANGH NAME | | SUPARVISOR NAME | |
| MAHILA MANDAL | | SUPARVISOR SIGN. | |

**MARKS**

| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | TOTAL |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | |

(30)

**પ્ર.૧ સામાયિક પ્રતિક્રમણના આધારે લખો.**

**(૧) નીચેના પાઠની પૂર્તિ કરો.** **(૧૦)**

૧. ખેતવુડ્ઢી **સઈઅંતરદ્ધાએ સચિત્તાહારે સચિત્ત પડિબદ્ધાહારે અપ્પલિઓસહિભક્ખણયા** દુપ્પોલિઓ

૨. પક્ષતે **તં જહા સુત્તાગમે અત્થાગમે તદુભયાગમે** એવા શ્રી

૩. જં પિ ય **ઈમં સરીરં ઈટ્ઠં કંતં** પિયં

૪. ઉગ્ગમેણં **ઉપ્પાયણેસણાએ અપરિસુદ્ધં પરિગ્ગહિયં પરિભુત્તં વા** જં ન

૫. કિરિયાહિં **કાઈયાએ અહિગરણયાએ પાઉસિયાએ પારિતાવણિયાએ** પાણાઈવાય

**(૨) નીચેના શબ્દોના ગુજરાતીમાં અર્થ લખો.** **(૫)**

૧. સહસાગારે **ઉતાવળથી લેવા વડે** ૨. ઉભઓકાલં **બંને કાળ**

૩. કુઈએ **અવિધિથી ખાંસી–ઉધરસ ખાવાથી** ૪. અભ્યાખ્યાન **ખોટું આળ ચડાવવું**

૫. ફાસાફુસંતુ **તે પ્રકારના કોઈપણ સ્પર્શ થાય**

**(૩) નીચેના શબ્દોના મૂળ પાઠ (માગધી) લખો.** **(૫)**

૧. વગર પૂંજ્યે શરીર ખંજવાળવાથી **આમોસે** ૨. સ્વાધ્યયને **સજ્ઝાયસ્સ**

૩. વીર્યમાં ઉપજે તે **સુક્કેસુ વા** ૪. ભિક્ષાચર્યમાં **ભિક્ખાયરિયાએ**

૫. પોતાના મતને ખોટો જાણવા છતાંય છોડવો નહિ **અભિનિવેશક મિથ્યાત્વ**

**(૪) નીચેના પ્રશ્નોના જવાબ માંગ્યા પ્રમાણે લખો. (૧૦)**

૧. આપણે સંમૂર્ચ્છિમ મનુષ્યને કેમ જોઇ શક્તા નથી?

**જીવોના શરીર એટલા નાના હોય છે કે આપણે તેમને જોઇ શક્તા નથી.**

૨. સાધુ–સાધ્વીનું શરણું લેવા શું કરવું? **સાધુ–સાધ્વીનું શરણું લેવા સાચા શ્રાવક બનવું.**

૩. ત્રીજું શ્રમણ સૂત્ર શેનાથી નિવૃત્ત થવા વિશેનું છે? **ત્રીજું શ્રમણ સૂત્ર સ્વાધ્યાય અને પ્રતિલેખનના દોષોથી થવા વિશે છે.**

૪. ગોચરીમાં કોને ઓળંગીને જવું નહિ? **સાણા, વચ્છા, દારા (કૂતરા, વાછરડાં, બાળક)**

૫. પ્રથમ શ્રમણ સૂત્રનું નામ શું છે? **પ્રથમ શ્રમણ સૂત્રનું નામ શય્યા સૂત્ર છે.**

૬. પરિગ્રહ એટલે શું? **પરિગ્રહ એટલે આસક્તિ, મમત્વ.**

૭. સંથારાથી શેની પ્રાપ્તિ થાય છે? **સંથારાથી પરભવમાં ઉચ્ચ ગતિની કે મોક્ષની પ્રાપ્તિ થાય છે.**

૮. ૯૯ અતિચારમાં જ્ઞાન અને તપના અતિચાર કેટલા? **જ્ઞાનના–૧૪ અને તપના–૫**

૯. મૈથુનમાં કયા કુવ્યસનનો સમાવેશ થાય છે? **મૈથુનમાં પરસ્ત્રીગમન, વેશ્યાગમન સમાવેશ થાય છે.**

૧૦. ગુરુની આજ્ઞાનો ભંગ કરીએ તો કયું મિથ્યાત્વ લાગે? **અવિનય મિથ્યાત્વ.**

(૫૦)

**પ્ર.૨ તત્ત્વ વિભાગ/સંસ્કાર વિભાગના આધારે લખો.**

**(અ) આગાર ધર્મનું સ્વરૂપ અને દુર્લભતાના આધારે માંગ્યા પ્રમાણે જવાબ લખો. (૭)**

૧. મહાવિદેહ ક્ષેત્રના કયા કાળમાં શ્રાવક હોય? **મહાવિદેહમાં હંમેશાં હોય. શાશ્વતા.**

૨. શ્રાવકે સામાયિકની આરાધના કરતા શું કરવું જોઇએ? **સામાયિકની આરાધના કરતા પાખીની રાત્રિએ પૌષધવ્રત કરે.**

૩. ભગવતી સૂત્રમાં કયા શ્રાવકની વાત આવી છે? **શંખ શ્રાવક, મંડૂક શ્રાવક, તુંગિયા નગરીના.**

૪. શ્રાવકધર્મની દુર્લભતા જાણી આપણે શું કરવાનું છે? **શ્રાવકધર્મની દુર્લભતા જાણી આપણે આરાધક શ્રાવક બનવા સમ્યક્ પરાક્રમ કરવું જોઇએ.**

૫. કયા મનુષ્ય શ્રાવક થાય? **૧૫ કર્મભૂમિના ગર્ભજ મનુષ્ય.**

૬. નિર્ગ્રંથ પ્રવચનમાં ......, ...... અને ...... ભાવોનું પ્રાયશ્ચિત હોતું નથી. **સત્ય, તથ્ય, વાસ્તવિક**

૭. તપથી શું કરવાનું છે? **તપથી પૂર્વે બાંધેલા કર્મોનો ક્ષય કરવાનો છે.**

**(આ) નવ તત્ત્વના આધારે** **(૩૫)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૦)**

૧. ઈન્દ્રિય અને યોગને લગતા આસ્રવના નામ લખો. આસ્રવ ભાવના કોણે ભાવી હતી?

**ઈન્દ્રિયને લગતા આસ્રવ : શ્રોત્રેન્દ્રિય, ચક્ષુઈન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, રસનેન્દ્રિય, સ્પર્શનેન્દ્રિય. યોગને લગતા આસ્રવ : મન, વચન, કાયા. આસ્રવ ભાવના સમુદ્રપાળ મુનિએ ભાવી હતી.**

૨. કર્મભૂમિ એટલે શું? તે કેટલી છે?

**કર્મભૂમિ એટલે અસિ, મસિ, કૃષિ એ ત્રણ પ્રકારના વેપારે કરી જીવે તે. જેમાં મોક્ષમાર્ગને જાણનારા, તેનો ઉપદેશ કરનારા તીર્થંકર આદિ ઉત્પન્ન થઈ શકે છે, તેને કર્મભૂમિ કહે છે. તે ૧૫ છે.**

૩. અજીવ તત્ત્વને જાણીને શું કરવાનું છે? (બે મુદ્દા)

**૧) અજીવ પદાર્થનો સ્વભાવ જડ છે અને તે જીવથી ભિન્ન છે તેવી શ્રદ્ધા અને સમજણ કરવી ૨) જડ વસ્તુ માં સુખ કે શાતા દેવાનો સ્વભાવ નથી ૩) અરૂપી જડ પદાર્થોનું જ્ઞાન કરી ભગવાનના કેવળજ્ઞાન પર શ્રદ્ધા દઢ કરવી ૪) પરિવર્તન એ પુદ્ગલનો સ્વભાવ છે, એ શ્રદ્ધા કરી પુદ્ગલોની આસક્તિ ઘટાડવી.**

૪. બાહ્ય તપના નામ લખી દ્રવ્ય નિર્જરા કોને કહેવાય?

**૧) અનશન ૨) ઉણોદરી ૩) વૃત્તિસંક્ષેપ ૪) રસ પરિત્યાગ ૫) કાયાકલેશ ૬) પ્રતિ સંલીનતા.**

**દ્રવ્ય નિર્જરા : કર્મ પુદ્ગલનું આત્મપ્રદેશથી છૂટા પડવું.**

૫. સાધુને જે કષાય હોય તે કષાયનું નામ લખી સમજાવો. પાપ તત્વમાં દર્શન મોહનીયની કઇ પ્રકૃતિઓ હોય?

**સંજવલન કષાય. સંજવલન ક્રોધ, સંજવલન માન, સંજવલન માયા, સંજવલન લોભ. આ ચાર કષાયથી વીતરાગપણાની પ્રાપ્તિ ન થાય, ૧૫ દિવસ રહે તે. પાપ તત્ત્વમાં દર્શન મોહનીયની એક મિથ્યાત્વ મોહ. પ્રકૃતિ હોય.**

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.** **(૧૦)**

૧. વર્તમાને ભરત ક્ષેત્રમાં કેટલા ચારિત્ર છે? **સામાયિક અને છેદોપસ્થાપનીય ચારિત્ર છે.**

૨. પ્રદેશ બંધ એટલે શું? **પ્રદેશ એટલે કર્મ પુદ્ગલના પ્રદેશ, દળ.**

૩. ૧૯ બોલના ધારકમાં પહેલા ખામણામાં કયા કયા બોલ આવે છે?

**ક્ષાયિક સમકિત, શુક્લધ્યાન, યથાખ્યાત ચારિત્ર, પરમશુક્લ લેશ્યા, કેવળ જ્ઞાન, કેવળ દર્શન, પંડિતવીર્ય.**

૪. શુભ વર્ણ કયા છે? **લાલ, પીળો, સફેદ.**

૫. પાંચમી નરકની પોલાણ અને આંતરા કેટલા? **પાંચમી નરકની પોલાણ ૧,૧૬,૦૦૦ યો. અને આંતરા ૪.**

૬. પાંચમા અને અગિયારમા ભેદમાં આપણો સમાવેશ શેમાં થાય છે?

**પાંચમા ભેદમાં પંચેન્દ્રિય અને અગિયારમા ભેદમાં મનુષ્યમાં થાય છે.**

૭. પ્રતિક્રમણમાં આવતી ક્રિયાના નામ લખો.

**કાઈયા, અહિગરણિયા, પાઉસિયા, પારિતાવણીયા, પાણાઇવાઇયા.**

૮. યતિધર્મમાં કષાયને દૂર કરવાના કયા ઉપાય બતાવ્યા છે? **ખંતિ, મુત્તિ, અજ્જવે, મદ્દવે.**

૯. ઉપાદેય તત્ત્વના નામ લખો. **પુણ્ય તત્ત્વ, સંવર તત્ત્વ, નિર્જરા તત્ત્વ, મોક્ષ તત્ત્વ.**

૧૦. ધર્મ ક્યાં ટકે છે? **સરળ અને સંતોષી હૃદયમાં ટકે છે.**

**(૩) વ્યાખ્યા લખો. (૫)**

૧. પ્રત્યેકબુદ્ધ સિદ્ધા : **કોઇ પદાર્થ દેખીને પ્રતિબોધ પામવાથી પોતાની મેળે ચારિત્ર લઈને મોક્ષે જાય તે. કરકંડુ પ્રમુખ.**

૨. પરિષહ : **મોક્ષમાર્ગમાં સ્થિર રહેવા અને કર્મ નિર્જરાનાઅ હેતુથી જે સમભાવપૂર્વક સહન કરવામાં આવે**

૩. અજીવ તત્ત્વ : **જડ લક્ષણ, ચૈતન્ય રહિત હોય તેને અજીવ કહીએ. અજીવનું સ્વરૂપ તે અજીવ તત્ત્વ.**

૪. કિલ્વિષીક : **તીર્થંકરની આશાતના કરવાવાળા, ઉત્સૂત્ર પ્રરૂપણા કરવાવાળા જીવો આવા દેવ બને છે.**

૫. વેદારણિયા : **જીવ કે અજીવને કષાયવશ થઈ કટકા કરતા લાગે તે.**

**(૪) આંકડામાં જવાબ લખો. (૫)**

૧. નિદ્રાના પ્રકાર **૫** ૨. પુણ્યમાં નામના ભેદ **૩૭** ૩. આસ્રવના પ્રકાર **૫/૨૦**

૪. સ્વાધ્યાયના ભેદ **૫** ૫. સાતમી નરકમાં આંતરા **૦** ૬. મોક્ષના દ્વાર **૯**

૭. ધાતકીખંડમાં જુગલિયાના ભેદ **૩૬** ૮. ૧૫ ભેદમાંથી એક જીવને કેટલા ભેદ હોય? **૬**

૯. ખરખરા સ્પર્શમાં સ્પર્શના ભેદ **૬** ૧૦. સંયમના ભેદ **૧૭**

**(૫) અયોગ્ય વિકલ્પ પર ટીક કરો. (૫)**

૧. વૈમાનિકના ભેદ કેટલા? **(૩૫, ૩૮, ૨૦)** ૨. પરિમંડળમાં કુલ ભેદ **(૨૦, ૨૩, ૧૦૦)**

૩. બરફ જેવું ઘન પાણી **(ઘનવાત, ઘનોદધિ, તનવાત)** ૪. પંકપ્રભામાં પાથડા **(૭, ૯, ૫)**

૫. અશરણ ભાવના કોણે ભાવી? **(ભરત, સનત,** અનાથી**)**

**(ઈ) ૩૨ આગમ સૂત્રના આધારે ખાલી જગ્યા પૂરો.** **(૮)**

૧. આવશ્યક સૂત્ર ...... અને ...... વિભાગમાં વહેંચાયેલા છે. **આવશ્યક, આવશ્યક વ્યતિરિક્ત**

૨. આવશ્યક સૂત્ર ...... ...... છે. **નો કાલિક, નો ઉત્કાલિક**

૩. દશ બોલનું વર્ણન ...... સૂત્રમાં અને ક્રોડ બોલોનું વર્ણન ...... સૂત્રમાં છે. **ઠાણાંગ, સમવાયાંગ**

૪. પ્રજ્ઞાપના સૂત્ર ...... અને નિશીથ સૂત્ર ...... છે. **ઉપાંગ, છેદ**

૫. મૂળ સૂત્રમાં કાલિક ...... અને ઉત્કાલિક સૂત્ર ...... છે. **એક, ત્રણ**

૬. બાર અંગ સૂત્રોનું સંકલન એટલે ...... અને ...... સૂત્ર વિચ્છેદ ગયું છે. **દ્વાદશાંગ, દષ્ટિવાદ**

૭. કપ્પવડંસિયામાં કાલકુમારના દીકરાના ...... અને ...... નું વર્ણન છે. **સંયમ, તપ**

૮. ભગવતીમાં ...... પ્રશ્નોત્તર અને સૂયગડાંગ સૂત્રમાં ...... નું વર્ણન છે. **૩૬૦૦૦, છ દર્શન**

**(૧૦)**

**પ્ર.૩ વાર્તાના આધારે લખો.**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ બે શબ્દમાં લખો.** **(૬)**

૧. ભગવાન મહાવીરે શેનું સ્વરૂપ બતાવ્યું? **શ્રુતધર્મ, ચારિત્રધર્મ**

૨. મેરુપ્રભ હાથીનું શરીર કેવું થઈ ગયું? **શક્તિહીન, નિર્બળ**

૩. દશાર્ણભદ્ર રાજાએ શેની આરાધના કરી? **સંયમ, તપ**

૪. મૃગાપુત્રના પેટમાં આહાર જતા તેનું શું થઈ જતું હતું? **લોહી, પરૂ**

૫. મૃગાપુત્રના પૂર્વભવનું નામ અને રાઠોડ એટલે **ઈક્કાઈ, રાજાનો પ્રતિનિધિ**

૬. મનુષ્યએ શેનું અભિમાન ન કરવું જોઈએ? **મળેલી શક્તિ, પૈસા**

**(૨) કોણ બોલે છે અને કોને કહે છે?** **(૪)**

૧. એ સ્મૃતિને સંસ્કારિત કર. **ભગવાન મહાવીર મેઘ મુનિને કહે છે.**

૨. મહાત્મા ! આપે દીક્ષા લીધી છે. **ઈન્દ્ર દશાર્ણભદ્ર રાજાને કહે છે.**

૩. સસલું કચડાઈને મરી જશે. **મેરુપ્રભ હાથી મનમાં વિચારે છે.**

૪. આ છુપાવેલા રહસ્યને જાણી લીધું છે. **મૃગાવતી રાણી ગૌતમ સ્વામીને કહે છે.**

**(૧૦)**

**પ્ર.૪ નીચેના કાવ્યની પૂર્તિ કરો.**

૧. સોઽહં **તથાપિ તવ ભક્તિવશાન્મુનીશ! કર્તું સ્તવં વિગત શક્તિરપિ પ્રવૃત્તઃ ।**

**પ્રીત્યાઽત્મ વીર્યમવિચાર્ય મૃગો મૃગેન્દ્રં, નાઽભ્યેતિ કિં નિજશિશોઃ** પરિપાલનાર્થમ્ ।।

૨. ભક્તામર પ્રણત મૌલિ મણિ પ્રભાણા, મુદ્યોતકં દલિત પાપ તમો વિતાનામ્ ।

સમ્યક્ પ્રણમ્ય જિન પાદ યુગં યુગાદા, વાલમ્બનં ભવ જલે પતતાં જનાનામ્ ॥

૩. કોઇ ઉત્તમ વાંચો મોઢે જયણા રાખ, ઉઘાડે મુખ બોલ્યા પાપ લાગે વિપાક.

ધન્ય મરુદેવી માતા ધ્યાયું નિર્મળ ધ્યાન, ગજ હોદે પામ્યા નિર્મળ કેવળ જ્ઞાન.

૪. ધન્નો ને શાલિભદ્ર મુનિશ્વરોની જોડ, નારીના બંધન તત્ક્ષણ નાખ્યા તોડ.

ઘર કુટુંબ કબીલો ધન કંચનની કોડ, માસ માસખમણ તપ ટાળશે ભવની ખોડ.

૫. સુબાહુ પ્રમુખ પાંચ પાંચસે નાર, તજી વીરપે લીધા પંચ મહાવ્રત સાર.

ચારિત્ર લઈને પાળ્યા નિરતિચાર, દેવલોકે પહોંચ્યા સુખવિપાકે અધિકાર.

**જય – જિનેન્દ્ર**

- PLEASE CONATADØCT DSB HELPLINE NO. 9702277914 FOR FREE ONLINE SHRENI CLASSES.
- NEXT CLASS STARTS AUGUST 6TH/7TH MONDAY AND TUESDAY
- TO JOIN OUR TELEGRAM GROUP. CONTACT DSB HELPLINE NO. 9702277914
- FOR BOOKS AND EXAM REGISTRATION